બુલેટ ચાલકને માર મારવાના કિસ્સામાં ભોગ બનનાર યુવક, તેના પરિવારના સભ્યો તથા સમાજના મોટી સંખ્યામાં લોકોના પોલીસ ભવનમાં ધામાં

ટ્રાફિક એસીપી તથા પોલીસ કર્મચારીઓ વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરાય તેવી યુવકની માગ

પોલીસ કમિશનરને યુવકે પોતાની સાથે થયેલા અન્યાય મામલે રજૂઆત કરી, પુરાવાનો નાશ કરાયે તેવી આશંકા

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા શહેરમાં ટ્રાફીક પોલીસ દ્વારા બાજવા વિસ્તારમાં રહેતા બુલેટ ચાલક યુવક કૌશિલસિંહ જાટ તાજેતરમાં દાંડિયાબજાર ચાર રસ્તા પાસેથી થઇને અલ્કાપુરી તરફ જતો હતો. ત્યારે માત્ર ટ્રાફિકના નિયમનો ભંગ કરવા બદલ દંડ કરવાની જગ્યાં પર ટ્રાફિક પોલીસના એસીપી તથા કર્મચારીઓ દ્વારા યુવક પર અમાનુષી અત્યાચાર ગુજારી બેરહેમી પૂર્વક માર મારવામાં આવ્યો હતો. જેથી યુવક આ માર મારનાર વિરુદ્ધ ફરિયાદ કરવા માટે ગયો હતો પણ નોંધી ન હતી. ઉટલાનું પીડીત યુવકને આરોપી બનાવવામાં આવ્યો હતો. ત્યારે યુવક સાથે થયેલા અન્યાય મામલે યુવક અને તેના પરિવાર તથા મોટી સંખ્યામાં તેમના સમાજના લોકો ભેગા થયા હતા અને પોલીસ ભવન ખાતે પહોંચ્યા હતા. ત્યારબાદ વડોદરા શહેર પોલીસ કમિશનરને રજૂઆત કરી હતી. જેમાં યુવક પર અમાનુષી અત્યાચાર ગુજારનાર એસીપી ડી એમ વ્યાસ સહિતના પોલીસકર્મીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરાઇ છે. જેથી વડોદરા શહેર પોલીસ કમિશનર દ્વારા આમ મામલે તપાસના આદેશ આપ્યા હોવાનુ જાણવા મળી રહ્યું છે. ભોગ બનનાર યુવક કૌશલસિંહ વિજેન્દ્રસિંહ જાટે જણાવ્યું હતું કે 3 જાન્યુઆરીએ દાંડિયા બજાર ચાર રસ્તા પાસે ટ્રાફિક પોલીસે મને અટકાવ્યો હતો. મારી બાઈકમાં સાયલેન્સર મોડિફાઈડ હતું અને મેં હેલ્મેટ નહોતું પહેર્યું તેમજ નંબર લગાડી ન હતી. જેથી મેં પોલીસને સામેથી કહ્યું હતું કે, "સાહેબ, મારો પણ દંડ થતો હોય એ ભરવા તૈયાર છું. ત્યારે પોલીસ કર્મચારીઓએ મારી સાથે ગાળાગાળી શરૂ કરી દીધી હતી. મને રુમમાં પૂરીને અડધા કલાક સુધી બેરહેમીથી લાકડીઓ માર માર્યો હતો, વાળ ખેંચ્યા અને મારા પ્રાઈવેટ પાર્ટ પર પણ લાતો મારી હતી. મે રાવપુરા પોલીસ સ્ટેશન ફરિયાદ કરવા ગયો હતો પણ ત્યાં કોઈએ મારી એફઆઇઆર નોંધી નહીં. એટલે પછી મેં સોમવારે કોર્ટમાં પિટિશન દાખલ કરી છે. તેઓએ વધુમાં કહ્યું કે, મારી એક જ માંગ છે કે જે રીતે એસીપી ડી.એમ. વ્યાસ અને અન્ય પોલીસકર્મીઓએ કાયદાનો દુરુપયોગ કરીને મને માર માર્યો છે, તેમની સામે કડકમાં કડક પગલાં લેવામાં આવે.

અનેક રજૂઆત કરવા છતાં પાલિકા દ્વારા યોગ્ય કામગીરી ન કરતા સ્થાનિકોએ રસ્તો રોકી વિરોધ નોંધાવ્યો

હાથીખાના ખત્રીવાડમાં ઊભરાતી ડ્રેનેજ લાઈનથી હાલાકી, રોગચાળાની દહેશત

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા શહેરના હાથીખાના ખત્રીવાડ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ઊભરાતી ડ્રેનેજ લાઈનના કારણે સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગંદકી અને દુર્ગંધને કારણે આરોગ્ય જોખમાયું હોવા છતાં તંત્ર દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી ન હોવાના આક્ષેપ સાથે આજે સ્થાનિકોએ રસ્તો રોકી વિરોધ પ્રદર્શન કર્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, હાથીખાના ખત્રીવાડ વિસ્તારમાં જૂની અને જર્જરિત ડ્રેનેજ લાઈન વારંવાર બ્લોક થઈ જાય છે, જેના કારણે ગંદુ પાણી રસ્તાઓ પર ફરી વળે છે. સ્થાનિક રહીશોએ આ મુદ્દે મ્યુનિસિપલ કોર્પોરેશનને વારંવાર મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરી હોવા છતાં, માત્ર દેખાડા પૂરતી જ કામગીરી કરીને સંતોષ માની લેવામાં આવે છે અને સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. આજે, આ સમસ્યાથી કંટાળીને ખત્રીવાડના મોટી સંખ્યામાં રહીશો એકઠા થયા હતા અને તેમણે મુખ્ય રસ્તા પર ઊભા રહીને સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો અને ચક્કાજામ કર્યો હતો. વિરોધ કરી રહેલા એક સ્થાનિકે જણાવ્યું હતું કે, "ગંદકીના કારણે નાના બાળકો અને વૃદ્ધોના આરોગ્ય પર ગંભીર ખતરો ઊભો થયો છે. છેલ્લા એક વર્ષથી આ સમસ્યા છે જેનું યોગ્ય નિરાકરણ આવતું નથી. ચોમાસાની સિઝન આવતા પહેલા જો આ સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે તો રોગચાળો ફાટી નીકળવાની ભીતિ છે." સ્થાનિકોએ નવી ડ્રેનેજ લાઈનનું કામ વ્હેલી તકે શરૂ કરવાની માંગ કરી છે. જો તંત્ર દ્વારા તેમની આ માંગણી પર ત્વરિત અને યોગ્ય કામગીરી નહીં કરવામાં આવે તો, આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

ઓસ્ટ્રિયા, નોર્વે અને ફિનલેન્ડના બે વર્ષના વર્ક પરમિટ વિઝા આપવાના બહાને ઠગાઈ

વીઝાના બનાવવાના બહાને ૩.29.77 પડાવી એજન્ટ દંપતી ઈટલી ભાગી ગયું

મહિલા એજન્ટે ગ્રાહકોને નોર્વે અને ઓસ્ટ્રિયાના નામે જોબ ઓફર લેટર આપ્યા હતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા શહેરના છાણી જકાતનાકા પાસે એકતાનગરમાં રહેતા દિનેશભાઈ દીપકભાઈ શર્મા (ઉ.વ.40) મેનપાવર સપ્લાયના વ્યવસાય સાથે સંકળાયેલા છે. વિદેશમાં નોકરી મેળવવા ઈચ્છુક લોકોના વિઝા અને ટિકિટનું કામ પણ અન્ય એજન્ટો પાસે કરાવી આપે છે.

ગત નવેમ્બર-2024માં તેઓ ગેંડા સર્કલ પાસે આવેલી વેસ્પર ગ્લોબલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીની ઓફિસમાં ગયા હતા. ત્યાં તેમને કંપનીના પ્રોપ્રાઈટર પૂજા રાજ પ્રભાકર મળ્યા હતા અને તેઓએ પોતાના પતિ રાજ પ્રભાકરને કંપનીના ડિરેક્ટર હોવાનું જણાવ્યું હતું. પૂજાએ ઓસ્ટ્રિયા, નોર્વે અને ફિનલેન્ડના બે વર્ષના વર્ક પરમિટ વિઝા ચારથી છ મહિનામાં જ કરી આપવાની ખાતરી આપતા હતાં. જેનાં માટે એક વ્યક્તિ દીઠ 4 લાખ રૂપિયાનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. કોન્ટ્રાક્ટરને એજન્ટ પૂજા પર વિશ્વાસ આવી ગયો હતો તેઓએ પોતાના 12 ગ્રાહકોની ફાઈલ વર્ક પરમીટ વીઝા માટે પૂજાને સોંપી અને તેઓએ ટુકડે ટુકડે રૂપિયા 22.67 લાખ રૂપિયા પૂજાના કંપનીના બેંક ખાતામાં ટ્રાન્સફર પણ કરાવ્યા હતા. દિનેશભાઈ શર્માના મિત્ર સૈયદ જુનેદ અલી ઈકરામઅલી (રહે. ગોઠડા, તા.સાવલી)ના ગ્રાહકો વતી પણ 7.10 લાખ રૂપિયા ચૂકવ્યા હતા. દિનેશભાઈ તથા સૈયદ જુનેદ અલી ઈકરામઅલીએ ગ્રાહકો વતી ૩.29.77 લાખ રૂપિયા એજન્ટ આપ્યા હતા.

એજન્ટ પૂજાએ ગ્રાહકોને નોર્વે અને ઓસ્ટ્રિયાના નામે જોબ ઓફર લેટર આપ્યા હતા. જે પધરાવેલા જોબ ઓફર લેટર ગ્રાહકોએ મુંબઈની એમ્બેસીમાં વેરિફિકેશન માટે રજૂ કર્યા હતાં ત્યારે તમામ ઓફર ડુપ્લીકેટ હોવાનું જાણવા મળ્યું હતું. જેનાં કારણે વિઝા માટે કરેલી અરજી નામંજૂર થઈ હતી. દિનેશભાઈ શર્મા સહિત બે જણાએ જાણ કરીને રૂપિયા પરત માંગ્યા હતાં ત્યારે એજન્ટ દ્વારા એક મહિનામાં પૈસા પરત કરવાનું કહેવામાં આવ્યું હતું. પરંતુ એજન્ટ મહિલા અને તેનો પતિ રૂપિયા પરત નહીં આપી ઈટલી ગયા હોવાનું સ્ટાફે જણાવ્યું હતું.

નકલી નોટોથી દેશના અર્થતંત્રને નુકસાન

વડોદરામાં એક્સિસ બેંકના કેશ ડિપોઝિટ મશીનમાં 17 નકલી 500ની નોટો જમા

(પ્રતિનિધિ), વડોદરા | તા. 7

વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં આવેલી એક્સિસ બેંકના કેશ ડિપોઝિટ મશીન (CDM)માં ૩.500 દરની 17 નકલી નોટો જમા કરાવવામાં આવી હોવાનું બહાર આવ્યું છે, જેના પગલે બેંક અધિકારીઓ પણ ચોંકી ગયા હતા.પ્રાપ્ત માહિતી મુજબ, સુભાનપુરા વિસ્તારમાં આવેલી એક્સિસ બેંક શાખાના બલ્ક કેશ પોઈન્ટ ઈન્ચાર્જ સમીરકુમાર વિનોદકુમાર પંચોલી દ્વારા નોંધાયેલી ફરિયાદ પ્રમાણે, તા. 1 જાન્યુઆરીની રાત્રે નિઝામપુરા શાખાના CDMમાં રાજપુરોહિત વિક્રમસિંહ ઈંદ્રસિંહ (રહે. સ્વામિનારાયણ નગર, નિઝામપુરા, છાણી રોડ, વડોદરા) દ્વારા કુલ ૩.44,500 જમા કરાવવામાં આવ્યા હતા. જેમાંથી ત્રણ નોટો મશીને ખરાબ ગણાવી પરત કરી દીધી હતી, જ્યારે ૩.500ની 17 નોટો CDMના URJB બોક્સમાં જમા થઈ ગઈ હતી. પરિણામે ગ્રાહકના ખાતામાં માત્ર ૩.34,500 જ જમા થયા હતા.બાદમાં તા. 3 જાન્યુઆરીએ બેંકના વેન્ડર હિટાચી કેશ મેનેજમેન્ટ સર્વિસિસના કર્મચારી જૈનીલ શાહે CDMમાંથી કેશ કાઢતા આ 17 નોટો નકલી હોવાનું જાણવા મળ્યું હતું. આ નોટોને મુખ્ય ઓફિસ મારફતે સુભાનપુરા શાખામાં લાવવામાં આવી હતી. નોટો પર "Counterfeit Bank Note Impounded"નો સ્ટેમ્પ, તારીખ તથા બેંક અધિકારીઓની સહી કરવામાં આવી છે.

દેખાવમાં નોટો પર હિન્દી અને અંગ્રેજીમાં "ભારતીય રિઝર્વ બેંક", "પાંચ સો રૂપિયા" અને "Reserve Bank of India" જેવા શબ્દો છાપેલા હોવા છતાં મશીને તેને નકલી તરીકે ઓળખી લીધી હતી. આ સમગ્ર મામલે બેંક અધિકારીઓએ નકલી નોટો ક્રાઈમ બ્રાન્ચમાં જમા કરાવી ખાતેદાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

રણોલીમાં ઓવરલોડેડ ટ્રકોનો આતંક,રસ્તા પર મીઠું છલકાતા અકસ્માતોની વણઝાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા જિલ્લાના રણોલી વિસ્તારમાં જીએસીએલ પ્લાન્ટ તરફ જતા રસ્તાઓ પર ઓવરલોડેડ મીઠાના ટ્રકો હવે જાહેર સુરક્ષા માટે ગંભીર ખતરો બની રહ્યા છે. ટ્રકોમાંથી સતત છલકાતા મીઠાના કારણે રસ્તા લપસણાં બની જતાં બે-વ્હીલર ચાલકો લપસી પડવાના બનાવો વધી રહ્યા છે. નંદેસરી , રણોલી, દશરથ સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોમાં અકસ્માતનો ભય વ્યાપ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, મીઠું રસ્તા પર પડે તે કારણે રોજબરોજ અકસ્માતો સર્જાઈ રહ્યા છે. છતાં અત્યાર સુધી કોઈ કાયમી પગલા ન લેવાતા નાગરિકોમાં રોષ ફાટી નીકળ્યો છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે હાઈવે પોલીસ અને આરટીઓ દ્વારા ચેકિંગ થાય ત્યારે આ ઓવરલોડેડ ટ્રકો અચાનક ગાયબ થઈ જાય છે, જ્યારે સામાન્ય દિવસોમાં આ જ વાહનો ધડાધડ દોડતા જોવા મળે છે. જેના કારણે કંપની અને ટ્રાન્સપોર્ટર્સ વચ્ચે ગોઠવણની શંકા ઉઠી રહી છે. વિસ્તારના જાગૃત નાગરિક હિતેન મકવાણાએ જણાવ્યું હતું કે, વડોદરા શહેરમાં છેલ્લા ઘણા સમયથી રોડ સેફટીની વાતો થતી હોય છે, પણ ક્યાંક ને ક્યાંક અકસ્માતો થતા હોય છે. હેવી વ્હીકલોની બેદરકારી, બસોની બેદરકારી હોય કે પછી રસ્તા પર જે પણ ભારદારી વાહનો જતા હોય છે અને આડેધડ વાહનો હાઈવે પર પાર્ક થતા હોય છે. જેના કારણે ઘણી વખત અકસ્માતો થતા હોઈ હોય છે. ત્યારે જેટલા પણ આવા વાહનો જે હાઈવે પર રસ્તાની બહાર ઉભા હોય એ તમામ વાહનોને ડિટેઈન કરવામાં આવે, જેથી કરીને એ લોકોને શીખ મળે કારણ કે ગ્રામ્યના જે લોકો છે એ સાંજ પડે નોકરી પરથી છૂટીને પોતાના ઘરે જતા હોય છે. ટ્રાફિકનું ભારણ રહેતું હોય, ત્યારે અકસ્માતો થતા હોય છે. જીએસએફસીની સામે પાંચ વાગે જ્યારે કંપની છૂટતી હોય છે. ત્યારે પણ એટલો ટ્રાફિક થતો હોય છે. નંદેસરી, રણોલી, સાંકરદા જેવી મોટી મોટી જીઆઈડીસીઓ માંથી માણસો જ્યારે કામ પરથી જતા હોય છે. ત્યારે પાંચથી છ નો જે સમયગાળો છે. તે દરમિયાન ટ્રાફિક એટલો બધો થાય છે કે, અકસ્માત થવાનો ભય રહે છે અને પૂરતા પ્રમાણમાં ટ્રાફિક પોલીસ પણ હાજર હોતી નથી અને કેટલાક લોકો રોંગ સાઈડ એ પણ વાહન હંકારતા હોય છે. જેથી આ મામલે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી માંગણી છે.

વડોદરાને પૂરથી બચાવવા તંત્રે કવાયત હાથ ધરી

'આજવા' ખાતે ૩. 7.84 કરોડનું સુરક્ષા કવચ; 14 હાઈ-ટેક પંપોથી લેવલ કંટ્રોલ કરાશે

સરોવરનું લેવલ 3 ફૂટ ઘટાડી 430 MCft વધારાનું પાણી સંગ્રહવાની ક્ષમતા ઊભી કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા શહેરને પૂરની પરિસ્થિતિમાંથી આંશિક રાહત આપવા માટે આજવા સરોવર ખાતે કાર્યરત કરવામાં આવેલી નવીન 'સ્ટોર્મ વોટર ડિસ્પોઝલ સિસ્ટમ'ના પેમેન્ટ માટેની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. G.P.M.C. એક્ટની કલમ 67(3)(C) હેઠળ કરવામાં આવેલી આ કામગીરી માટે ઈજારદાર M/s Aqua Machineries Pvt. Ltd. ને ૩. 7,84,30,511 (18% GST સાથે) ચૂકવવાની મંજૂરી માંગવામાં આવી છે. વર્ષ 1891માં નિર્મિત આજવા સરોવરનો કેચમેન્ટ એરિયા 95 Sq.Km છે.

સરોવરનું હાઈએસ્ટ ફ્લડ લેવલ (HFL) 214 ફૂટ છે અને તેમાં પાણીના નિયંત્રણ માટે 62 દરવાજા આવેલા છે. સામાન્ય રીતે 211 ફૂટ પર પાણી પહોંચતા જ દરવાજા આપમેળે ખુલી જાય છે અને પાણી વિશ્વામિત્રી નદીમાં છોડવામાં આવે છે, જે શહેરમાં પૂરનું કારણ બને છે. આ સમસ્યાના ઉકેલ રૂપે, ચોમાસા દરમિયાન સરોવરના લેવલને પૂર્વ-તૈયારીના ભાગરૂપે ઘટાડવા માટે આ સિસ્ટમ બેસાડવામાં આવી છે.

આ પ્રોજેક્ટ માત્ર પૂર નિયંત્રણ પૂરતો સીમિત નથી. ભવિષ્યમાં જો શહેરમાં પાણીની જરૂરિયાત વધશે, તો આ સિસ્ટમનો ઉપયોગ કરીને 400 MLD કાચું પાણી નજીકના શુદ્ધિકરણ મથકો સુધી પહોંચાડી શકાશે. હાલમાં આજવા ખાતેથી નિમેટા શુદ્ધિકરણ પ્લાન્ટ દ્વારા શહેરના પૂર્વ અને દક્ષિણ વિસ્તારમાં સરેરાશ 145 MLD પાણી પૂરું પાડવામાં આવે છે. ઈજારદાર દ્વારા મૂળ ઓફર ૩. 7,87,25,486 રજૂ કરવામાં આવી હતી. જોકે, વાટાઘાટોના અંતે 0.375% ઓછા ભાવે એટલે કે ૩. 7,84,30,511 ની ઓફર સ્વીકારવામાં આવી છે. કામગીરી પૂર્ણ થઈ ચૂકી હોવાથી હવે આ રકમની આખરી મંજૂરી સ્થાયી સમિતિમાં લેવામાં આવશે.

લઘુત્તમ તાપમાન 14.6C નોંધાયું, દિવસની ગરમી પણ ઘટી

દરિયાઈ ભેજ સાથેના પવનથી વડોદરામાં ઠંડીનો ચમકારો વધ્યો

આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનો પારો ગગડશે તેવી હવામાન વિભાગની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

દરિયાઈ પવનોના પ્રભાવને કારણે વડોદરા શહેરમાં કડકડતી ઠંડીનો અનુભવ થયો છે. શહેરમાં મહત્તમ તાપમાન 27.6C જ્યારે લઘુત્તમ તાપમાન 14.6C નોંધાયું હતું. સવારે હવામાં ભેજનું પ્રમાણ 85% અને સાંજે 59% નોંધાયું, જેના કારણે ઠંડીની તીવ્રતા વધુ અનુભવાઈ.

હિમાલય વિસ્તારમાં થઈ રહેલી ભારે હિમવર્ષાની અસરથી ઠંડા પવન ફૂંકાતા મધ્ય ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. સામાન્ય રીતે જાન્યુઆરીમાં તાપમાન 10C સુધી ઉતરી જાય છે, પરંતુ ચાલુ વર્ષે દરિયાઈ પવનોની અસરથી લઘુત્તમ પારો 13થી 15C વચ્ચે રહેતો જોવા મળી રહ્યો છે. દિવસ દરમિયાન પણ તાપમાન 28Cથી નીચે નોંધાતા બપોરે સામાન્ય ગરમીનો અનુભવ ઓછો રહ્યો.

હવામાન નિષ્ણાતોના મતે, એન્ટી-સાયકલોનિક પરિસ્થિતિના કારણે હિમાલય તરફથી આવતા ઉત્તરના પવન પૂર્વ દિશામાં વળી દરિયાનું ભેજ લઈને આવી રહ્યા છે. આ ભેજભર્યા પવનથી ઠંડી વધુ ચમકતી જણાઈ રહી છે. સાથે જ રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ચાલી રહેલી શીતલહેરની અસર મધ્ય ગુજરાતમાં પણ દેખાઈ રહી છે.

નિષ્ણાતોનું અનુમાન છે કે આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાન 13Cની આસપાસ રહેવાની શક્યતા છે, જેના કારણે વહેલી સવાર અને મોડી સાંજમાં ઠંડી યથાવત્ રહેવાની સંભાવના છે.

સ્માર્ટ સિટીમાં વાહનચાલકોને જોખમી સવારી!

અટલાદરા રોડ પર ખુલ્લી ગટરો તંત્રની ઉંઘ ઉડાવશે કે નાગરિકોનો જીવ લેશે?

સ્કૂલ વાહનો અને હજારો રાહદારીઓ માટે જીવલેણ છટકું: વહીવટી તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોતું હોવાનો સ્થાનિકોનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા શહેરમાં સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે વહીવટી તંત્રની બેદરકારી ફરી એકવાર સામે આવી છે. વડોદરાના અટલાદરાથી ખિસકોલી સર્કલ તરફ જવાના મુખ્ય માર્ગ પર ગટરના ઢાંકણા ખુલ્લી હાલતમાં હોવાથી નાગરિકોના જીવ પર જોખમ તોળાઈ રહ્યું છે. અનેક રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અટલાદરા અને ખિસકોલી સર્કલને જોડતા આ વ્યસ્ત માર્ગ પર ગટરના ઢાંકણા તૂટેલી અથવા ખુલ્લી હાલતમાં છે. આ દ્રશ્યો જોતા એવું લાગે છે કે જાણે તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું હોય. ખાસ કરીને રાત્રિના સમયે અંધારામાં આ ખુલ્લી ગટર વાહનચાલકો અને રાહદારીઓ માટે દેખાતી નથી, જે ગંભીર અકસ્માત સર્જી શકે છે. આ માર્ગ પરથી દરરોજ હજારોની સંખ્યામાં વાહનો પસાર થાય છે, જેમાં સ્કૂલ બસ, રિક્ષા અને ટુ-વ્હીલરનો સમાવેશ થાય છે. થોડા સમય અગાઉ માંજલપુરમાં બનેલી અકસ્માતની ઘટનાને યાદ કરીને લોકો અત્યારે ફફડાટ અનુભવી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે, ₹અમે મૌખિક અને વીડિયોના માધ્યમથી તંત્રને અનેકવાર જાણ કરી છે, પરંતુ પરિસ્થિતિ જસની તસ છે.₹ લોકો સવાલ કરી રહ્યા છે કે શું તંત્ર કોઈના મોતના સમાચારની રાહ જોઈ રહ્યું છે? શું આ ખુલ્લી ગટરોને ઢાંકવા માટે કોઈ ચોક્કસ મુહૂર્તની જરૂર છે? આગામી દિવસોમાં જો કોઈ જાનહાનિ થશે તો તેની જવાબદારી કોની રહેશે? હાલમાં નાગરિકોની એક જ માંગ છે કે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન આ બાબતને ગંભીરતાથી લે અને તાત્કાલિક ધોરણે સમારકામ હાથ ધરે.

સરકારના મહિલા ,બાળ વિકાસ અને ગૃહવિભાગ દ્વારા અને ઇએમઆરઆઇ ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા કામગીરી

2025માં વડોદરા જિલ્લામાંથી અભયમ 181 મહિલા હેલ્પ લાઈનને 13613 મદદ માટે કોલ મળ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા શહેર સહિત સમગ્ર ગુજરાતમાં અભયમ 181 મહિલા હેલ્પ લાઈન પીડીત મહિલાઓ માટે આશીર્વાદરૂપ બની રહી છે. મહિલાઓના શારિરીક, માનસિક જાતીય સતામણી કે ઘરેલુ હિંસા સહિતની હેરાનગતી કરાતી હોય તેની મદદ માટે 13613 મહિલાઓએ મદદ માગી હતી ત્યારે મહિલા ટીમ સ્થળ પર જઈને અસરકારક કાઉન્સિલિંગ, સરકારની એજન્સીઓ સાથે સંકલન કરી મદદ, માર્ગદર્શનન અને બચાવ કરતી હોય છે. લગ્નજીવનના વિખવાદો, પાડોશી સાથેના અણબનાવ, બિન જરૂરી કોલ મેસેજથી હેરાનગતી, છેડતી વગેરે કિસ્સાઓમાં મદદરૂપ બની દીન પ્રતિદિન મહિલાઓમાં વધુ વિશ્વાસ અને પ્રતિભાવ મેળવવામાં આવી રહ્યાં છે. જેથી આજે ગુજરાતની મહિલાઓ અને યુવતીઓ સહિત વિદ્યાર્થીનીઓ માટે અભયમ એક સાચી સહેલી તરીકે બની રહી છે.

અભયમને કેટલા કોલ આવ્યાં

» અભયમ રેસક્યું વાન ડિસ્પેચના કિસ્સા	3005
» સમાધાન	2034
» મહિલાઓને બચાવ એજન્સીઓ રિફર	798
» કસ્ટડીના	224
» ઘરેલુ હિસાના	6398
» લગ્ન જીવનના વિખવાદો	904

જનરલ માહિતી અને સરકારી મહિલાલક્ષી

» યોજનાનોની પ્રાથમિક માહિતીના	324
» શારીરિક, માનસીક, જાતીય હેરાનગતીના	2537
» પરીવાર છોડેલ	207
» અન્ય સબંધોના	236
» કાયદાકીય માર્ગદર્શન	194
» બીનજરૂરી કોલ મેસેજથી હેરાન ગતિ	210
» અન્ય મહિલાલક્ષી પ્રશ્નોના	197

જાન્યુઆરી 2025થી ડિસેમ્બર 2025 દરમીયાન 181 મહિલા હેલ્પ લાઈનમાં મદદ માટે રાજ્યભરમાંથી કુલ 1,83,520 કોલ આવ્યાં હતા. જેમાં 37,380 જેટલા અતિ સંવેદન કિસ્સાઓમાં ઘટના સ્થળે પહોચી ટીમે મદદ બચાવકાર્ય કર્યું છે.

જ્યારે અન્ય કિસ્સાઓમાં અસરકારક કાઉન્સિલગ, સરકારી એજન્સીઓ સાથે સંકલન કરી આશ્રય, જરૂરી સહયોગ અને સમાધાન કરાવ્યું છે. વડોદરા જીલ્લામાં પણ 13,613 જેટલા જરૂરિયાતમંદ મહિલાઓના કોલ મદદ માટે આવ્યાં છે. જેમાંથી અમુક કિસ્સાઓમાં અભયમ રેસક્યું વાન ડિસ્પેચ, સમાધાન અને મહિલાઓને બચાવ એજન્સીઓ રિફર કરવામાં આવ્યા હતા. કસ્ટડી, ઘરેલુ હિંસા 6398, લગ્ન જીવનના વિખવાદો, જનરલ માહિતી અને સરકારી મહિલાલક્ષી યોજનાનોની પ્રાથમિક માહિતી, શારીરિક, માનસીક, જાતીય હેરાનગતી, પરીવાર છોડેલ, અન્ય સબંધો, કાયદાકીય માર્ગદર્શન 194, બીનજરૂરી કોલ મેસેજથી હેરાન ગતિ અને અન્ય મહિલાલક્ષી પ્રશ્નો સહિતના કોલ આવ્યાં હતાં. વર્ષ દરમિયાન જીલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, નારી સંરક્ષણ ગૃહ, ઓ.એસ.સી, પી.બી.એસ.સી, આશ્રય ગૃહ અને સ્થાનિક સંસ્થાઓ અને કાર્યકરો તરફ થી નોંધપાત્ર સહાયોગ મળી રહ્યો હતો આમ અભયમ ટીમ દ્વારા લગ્નજીવન અને લગ્ન બહાર ના સબંધો, ઘરેલું હિંસા, શારીરિક માનસીક અને જાતિય સતામણી અને બીનજરૂરી કોલ મેસેજ થી હેરાન થતા મહિલાઓ, યુવતીઓ અને વિદ્યાર્થીનીઓ ના જીવન માં આવેલ આપતી માં મદદ, માગેંદશેન અને બચાવ દ્વારા મહિલા સલામતી, શાંતિ અને પારીવારીક, સામાજિક એકતા અને સુલેહ માટે પ્રશંસનીય કાર્ય કરવામાં આવ્યું હતું.

જામનગરના જામી ગયા હોશ: વડોદરા મ્યુનિસિપલ કમિશનર ઈલેવનની શાનદાર જીત

વડોદરા : ભાવનગર યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ ઈન્ટર-કોર્પોરેશન ટુર્નામેન્ટની સુપર નોક-આઉટ મેચમાં વડોદરા કમિશનર ઈલેવને જામનગર કમિશનર ઈલેવનને હરાવી જીત મેળવી હતી. મેચમાં જામનગર કમિશનર ઈલેવને ટોસ જીતી પ્રથમ બેટિંગ પસંદ કરી હતી. જામનગરની ટીમે 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવી 132 રન બનાવ્યા હતા. ટીમ તરફથી વિજયભાઈ બાબરીયાએ 22 બોલમાં સૌથી વધુ 26 રન કર્યા હતા. 133 રનના લક્ષ્યાંક સામે વડોદરા કમિશનર ઈલેવને અર્પણ મહેશ બાબુની આગેવાનીમાં 17.1 ઓવરમાં 5 વિકેટ ગુમાવી 135 રન બનાવી લીધા હતા. વડોદરાની જીતમાં શિવાંગ ત્રિવેદીએ 22 બોલમાં 43 રન અને અજય સોલંકીએ 27 બોલમાં 36 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. બોલિંગમાં શાનદાર પ્રદર્શન કરી 4 ઓવરમાં 24 રન આપી 3 વિકેટ લેનાર ઈલેશ પટેલને 'મેન ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યા હતા.

MGVCL કચેરીની સામે સિટી પોલીસે રેડ કરી

પાણીગેટ વિસ્તારમાંથી ગાંજા સાથે બે કેરીયર ઝડપાયાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

મિશન ક્લિન તથા નશામુક્ત વડોદરા અંતર્ગત સિટી પોલીસે પાણીગેટ વિસ્તારમાં રેડ કરીને ગાંજા જથ્થા સાથે બે કેરીયરને ઝડપી પાડ્યાં હતા. તેમની પાસેથી ગાંજો તથા બે મોબાઈલ મળી રૂ. 20 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં છુપી રીતે એમડી, ગાંજો સહિતના વિવિધ નશીલાપદાર્થનું છુપી રીતે વેચાણ કેરીયર તથા પેડલરો દ્વારા વેચાણ થતુ હોય છે. ત્યારે યુવાધન આ કાળા કારોબારના ચુંગલમાંથી મુક્ત કરી કરવા માટે પોલીસ તંત્ર દ્વારા મિશન ક્લિન નશામુક્ત વડોદરા શહેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં માદક પદાર્થની પ્રવૃતિ કરતા આરોપીઓને શોધી કાઢી તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવા વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર તેમજ અધિક પોલીસ કમિશનર ડો.લીના પાટીલની સુચના મુજબ સીટી પોલીસ સ્ટેશનના સીનીયર પીઆઈ આર.બી. ચૌહાણ દ્વારા વિસ્તારમાં સતત પેટ્રોલિંગ તથા સઘન ચેકિંગ કરવાની સૂચના આપી હતી. જેથી સીટી પોલીસ સ્ટેશનના સ્ટાફ પેટ્રોલિંગમાં ફરી રહ્યો હતો. તે દરમિયાન મળેલી બાતમી આધારે સ્ટાફના માણસો પાણીગેટ પાસે એમજીવીસીએલ ઓફીસની સામે રેઇડ કરી હતી ત્યારે સ્થળ પરથી બે શખ્સ શમશેર સાબીર શેખ (રહે.પાણીગેટ દરવાજાની સામે, રૂપમ હેરઆર્ટની બાજુમાં, નવી બિલ્ડીંગ, પાણીગેટ) તથા મોહ